ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૭/૨૨-૨૩/ ૪૨૫૭ તારીખ : 11 JUL 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી લાલાભાઈ ભારાભાઈ મુંધવા,**
**ગામ-ઉમરડા, તા.મૂળી,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૧૭/૨૨-૨૩

**મો.નં - ૮૭૫૮૭ ૧૯૨૨૯**

**વિષય : નવું ખેતીવાડી વિજ જોડાણ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૨/૦૫/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૫/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭/૨૨-૨૩/૧૬૧૬ તા.૨૦/૦૫/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭/૨૨-૨૩/૧૮૪૨ તા.૦૭/૦૬/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૪/૦૬/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૭/૨૨-૨૩** ☜

વાદી :– **શ્રી લાલાભાઈ ભારાભાઈ મુંધવા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૪/૦૬/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી લાલાભાઈ ભારાભાઈ મુંધવા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી લાલાભાઈ ભારાભાઈ મુંધવા, મું.ઉમરડા, તા.મૂળી, જી.સુરેન્દ્રનગરની નવું ખેતીવાડી વિજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૭/૨૨-૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭/૨૨-૨૩/૧૬૧૬ તા.૨૦/૦૫/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૬/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી લાલાભાઈ ભારાભાઈ મુંધવા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી લાલાભાઈ ભારાભાઈ મુંધવા, મૂળી તાલુકાના ઉમરડા ગામના વતની છે. તેઓ ઉમરડા ગામે મોજે રેવન્યુ સર્વે નંબર–૫૧૧ પૈકીની સીમ જમીનમાં તેઓ જોઈન્ટ ફાર્મીગ સોસાયટીથી શ્રી આણંદગઢ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. ના સભ્ય છે. તેઓ દ્વારા જોઈન્ટ ફાર્મીગ સોસાયટી ના નામે વિજ કનેકશન માટે તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ અરજી કરેલ હતી. જે માટે તા.૨૪/૮/૨૦૨૧ ના રોજ રસીદ નં–૧૩૧૦૫૬ થી રૂા.૨૩૬/– ભરપાઈ કરેલ હતા.

૧.૨ વાદીની રજૂઆત છે કે, ભારાભાઈ નાગજીભાઈ મુંધવા ના નામે ખેતીવાડી વિજ કનેકશન માટે અરજી કરેલ હતી. તે વિજ જોડાણ માટેનું અંદાજપત્રક રૂા.૨૫,૩૪૦/– દિવસ–૩૦ માં ભરવા માટેનો મેસેજ માહે ૪/૨૦૨૨ ના રોજ મોબાઈલ માં મળેલ હતો.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ સદર વિજ જોડાણ માટે તા.૧૧/૫/૨૦૨૧ ના રોજ વિજ કચેરી(ખેતીવાડી) મૂળી દ્વારા પત્ર થી જાણ કરવામાં આવેલ હતું કે તમારૂં નામ જોઈન્ટ ફાર્મીગ સોસાયટીના દસ્તાવેજી પુરાવા જેવા કે ૭–૧૨, ૮–અ, માં ન હોવાથી અને ત્યાં ૧૫ થી વધુ વિજ જોડાણ મળેલ હોવાથી નવું વિજ જોડાણ આપી શકાય નહી.

૧.૪ વાદીની રજૂઆત છે કે, જોઈન્ટ ફાર્મીગ સોસાયટીના નામે૧૫ વિજ કનેકશન આપવામાં આવેલ છે. તેમાંથી એક પણ વ્યકિતનું નામ જોઈન્ટ ફાર્મીગ સોસાયટી ના ૭–૧૨, ૮–અ, માં નથી. જેના વિજ બિલ જોડેલ છે.

૧.૫ વાદીની રજુઆત છે કે, જોઈન્ટ ફાર્મીગ સોસાયટીની પાછળ ભારાભાઈ નાગજીભાઈ મુંધવા નું નામ લખવાનો હેતુ ફકત વહીવટી સરળતા માટેનો છે. પીજીવીસીએલ સાથે પત્ર વ્યવહાર અને વિજ બિલ બાબતે સરળતા લાવવા માટેનો છે.

૧.૬ આ પ્રમાણેના કેસ નં–૪૧/૨૦૨૧ માં વિજ કચેરી દ્વારા વાદીના પક્ષમાં ચુકાદો આપેલ છે, તેમ જણાવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ જોઈન્ટ ફાર્મીગ સોસાયટી ના નામે સદર સર્વે નં–૫૧૧ પર અન્ય વિજ કનેકશન આપવામાં આવેલ છે. જેથી બીજું વિજ કનેકશન મળી શકે નહી.

૨.૨ અરજી સમયે રજૂ કરેલ ૭–૧૨ માં જોઈન્ટ ફાર્મીગ સોસાયટીના નામે સર્વે નં–૫૧૧ માં ૨૨૫.૪૨ હેકટર જમીન આવેલ છે. જે અરજદાર રજૂ કરેલ ૭–૧૨ અને હકકપત્રક–૬ માં ફકત જોઈન્ટ ફાર્મીગ સોસાયટીના નામનો ઉલ્લેખ જોવા મળે છે. શ્રી ભારાભાઈ નાગજીભાઈ મુંધવા નો કયાંય ઉલ્લેખ જોવા મળેલ નથી.

૨.૩ ઉમરડા ગામની જોઈન્ટ ફાર્મીગ સોસાયટીના સર્વે નં–૫૧૧ પર અન્ય ૧૫ વિજ કનેકશન આપવામાં આવેલ છે. આમ, સર્વે નં–૫૧૧ પર ભારાભાઈ નાગજીભાઈ મુંધવા નો કયાંય ઉલ્લેખ નહી હોવાથી વિજ કનેકશન આપી શકાય નહી. સદર બાબતનો જવાબ વાદીને પેટા વિભાગીય કચેરી, મૂળીના જુનીયર ઈજનેર(ખેતીવાડી) દ્વારા પત્ર નં–૨૨૭૭ તા.૨/૫/૨૦૨૨ ના રોજ જાણ કરેલ હતી.

૨.૪ જોઈન્ટ ફાર્મીગ સોસાયટી ના સર્વે નં–૫૧૧ પર અન્ય ૧૫ વિજ કનેકશન આપવામાં આવેલ છે. તેનું લીસ્ટ વિગત સાથે જોડેલ છે.

૨.૫ અગાઉ ઉમરડા ગામમાં રાધેશ્યામ હરીરામભાઈ દૂધરેજીયા (સીજીઆરએફ કેસ નં–૪૧/૨૦૨૧) અને લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા (સીજીઆરએફ કેસ નં–૨૬/૨૦૨૧) ને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા જોઈન્ટ ફાર્મીગ સોસાયટીમાં વિજ કનેકશન આપવા અંગેની મંજૂરી આપેલ હતી. જેમાં વિજ કનેકશન અરજદાર નું નામ જોઈન્ટ ફાર્મીગ સોસાયટીના નામનું હતું. જેની વિગત આ સાથે સામેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી લાલાભાઈ ભારાભાઈ મુંધવા, ગામ–ઉમરડા, તા.મૂળી દ્વારા તેમને જોઈન્ટ ફાર્મીગ ના નામે તેમના સર્વે નં–૫૧૧ પૈકીની જમીન પર નવું ખેતીવાડી કનેકશન પ્રતિવાદી દ્વારા ન મળવાની બાબતની તકરાર ને લઈને ફોરમને રજૂઆત કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

૩.૨ વાદીશ્રી આણંદગઢ સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. ના સભ્ય છે. તેમના દ્વારા જોઈન્ટ ફાર્મીંગ ના નામે કનેકશનની માંગણી માટે અરજી નોંધણી કરાવતા પ્રતિવાદી દ્વારા પ્રક્રિયા હાથ ધર્યા બાદ એપ્રિલ–૨૨ માં રૂા. ૨૫,૩૪૦/– નું અંદાજપત્રક દિવસ–૩૦ માં ભરપાઈ કરી જવા મતલબનો મોબાઈલમાં એસએમએસ મોકલવા માં આવેલ. પરંતુ, અરજદાર પાસે ૭–૧૨, ૮–અ, માં તેમનું નામ ન હોવાથી તદઉપરાંત તે જગ્યા પર જોઈન્ટ ફાર્મીંગ ના નામે ૧૫ થી વધુ વિજ જોડાણ અપાયેલ હોઈ, વાદીને વિજ જોડાણ મળી શકે નહી તે મતલબની જાણ કરવામાં આવેલ.

૩.૩ આ તબકકે વાદી દ્વારા ફોરમ તરફથી સરખી વિષય વસ્તુ વાળા કેસોમાં ફોરમ દ્વારા કરવામાં આવેલ હુકમોનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૩.૪ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન બંને પક્ષોની રજૂઆત, દસ્તાવેજો, તેમજ ફોરમ દ્વારા કરવામાં આવેલ અગાઉના ચુકાદાને ધ્યાને લેતાં, કમીટીના ધ્યાને આવેલ છે કે સદર વીજ જોડાણની માંગણી જોઈન્ટ ફાર્મિંગના નામે જ કરેલ છે પરંતુ મંડળીની વહીવટી સરળતા માટે C/o માં અરજદારનો ઉલ્લેખ છે આથી તમામ આનુષંગિક પ્રક્રિયા જેવી કે ભાવપત્રકનું ચુકવણું, કરારનામું, ટેસ્ટ રીપોર્ટ વગેરે જોઈન્ટ ફાર્મીંગ સોસાયટીના નામે જ હોવા જરૂરી છે. કરારનામું પણ સોસાયટીના અધિકૃત હોદેદારો એ જ કરવાનું રહેશે. તેમજ સવાલવાળી જગ્યાનો ફાળવણી બાબતનો યોગ્ય પુરાવો પક્ષકારે મેળવવાનો રહેશે. આમ, પ્રતિવાદી દ્વારા તમામ પ્રોસેસ જોઈન્ટ ફાર્મિંગ સોસાયટીના નામે કરવી અને નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવા કાર્યવાહી કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

તારીખ :– ૨૪/૦૬/૨૦૨૨.